સુવિચાર : કાર્ય સાધના માટે કષ્ટોની ગણતરી નહીં પણ કષ્ટોની બાદબાકી કરવાની આદત કેળવવી પડે છે - જીવનસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૧૬, ગુરૂવાર ; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સુષ્મા અને સરતાઝ અઝીઝ વચ્ચે આજે મહત્વની બેઠક
- મોદીના પ્રશ્નથી યુપી ભાજપ સાંસદોના પરસેવા છુટી ગયા
- માલ્યાના પિતાના વિદેશી ટ્રસ્ટ ઉપર હવે ઇડીની ચાંપતી નજર
- પેશાવરમાં બ્લાસ્ટમાં ૧૫થી વધુના ફુરચેફુરચા
- રાષ્ટ્રવાદની પરિભાષા ભારત માતા કી જય જ હોવી જોઇએ : અનુપમ ખેરની પ્રતિક્રિયા
- દેશદ્રોહના કાયદાની સમીક્ષા થઇ રહી છે : રિજ્જુનો દાવો
- દેશદ્રોહના સંદર્ભમાં ખાલિદ, અનીરબનને જામીન ન મળ્યા
- છગન ભુજબળ બાદ અજિત પવારની ધરપકડ થવાની વકી

# પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો

## વેટ અને સેલટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૩.૦૭ રૂપિયાનો અને ડીઝલ કિંમતમાં ૧.૯૦નો વધારો : ગુજરાતમાં પેટ્રોલમાં ૩.૧૫ વધારો

અમદાવાદ-નવીદિલ્હી, તા.૧૬ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો ઉપર આજે વધુ બોજ ઝીંકી દીધો હતો. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૩.૦૭ રૂપિયાનો વધારો કરાયો છે જ્યારે ડિઝલની કિંમતમાં ૧.૯૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવ્યો છે. વેટ સાથે જોવામાં આવે તો ગુજરાતના લોકો ઉપર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં બોજ વધારે પડશે. ગુજરાતમાં વેટ સાથે પેટ્રોલમાં વધારો લીટરદીઠ ૩.૧૫ રૂપિયાનો રહેશે જ્યારે ડીઝલમાં આ વધારો લીટરદીઠ ૨ રૂપિયાનો રહેશે. અમદાવાદમાં પેટ્રોલની કિંમતમાં વધીને ૫૧.૪૩ થઈ ગઈ છે જે હાલમાં ૬૧.૪૩ રૂપિયા છે. વડોદરામાં ભાવ વધીને ૬૧.૧૨ થયો છે. રાજ્યમાં વેટ અને સેલટેક્સને ઉમેરવામાં આવે તો ભાવમાં વધારો જુદો રહે છે. આ વધારો કરવામાં આવ્યા બાદ પેટ્રોલની કિંમત દિલ્હીમાં ૫૯.૬૮ રૂપિયા થઈ જશે. જ્યારે કોલકાતામાં ૬૩.૭૬ રૂપિયા થશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ચેન્નાઈમાં નવા ભાવ ૫૯.૧૩ થશે. આંતરરાષ્ટ્રીય પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત ફેરફાર કરવામાં આવે છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં રૂપિયા અને ડોલરના ફેરફારના આધાર પર ગણતરી કરવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે, ૨૯મી ફેબ્રુઆરીના દિવસે પેટ્રોલની કિંમતમાં ૩.૦૨નો ઘટાડો કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં ડીઝલની કિંમત નવી ૫૨.૯૮ થઈ ગઈ છે. વડોદરામાંપ૩.૩૬ થઈ ગઈ છે. નવા ભાવથી લોકોપર વધુબોજ પડશે.

# બીએસએફને એલઓસીથી ખસેડીને આંતરરાષ્ટ્રીય બોર્ડર પર ગોઠવાશે

## ત્રાસવાદીઓ અને ઘુસણખોરો ઉપર અંકુશ મુકવાની નવી રણનીતિ : પંજાબ અને જમ્મુ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર તૈનાત કરવાના પાસા પર સક્રિય વિચારણા : ચાર બટાલિયનોને ખસેડી લેવા માટે નવી હિલચાલ

નવી દિલ્હી,તા. ૧૬ મોદી સરકાર પઠાણકોટમાં હવાઈદળના બેઝ પર હુમલો કરવામાં આવ્યા બાદ હવે જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પર હાલમાં તેનાત બીએસએફના જવાનોની સંખ્યા ઓછી કરવા અને તેમને પંજાબ તેમજ જમ્મુ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સરહદપર તૈનાત કરવાના પાસા પર ગંભીરરીતે વિચારણા કરી રહી છે. અધિકારીઓએ કહ્યુ છે તકે અંકુશ રેખાથી ૧૨ બટાલિયનોમાંથી ઓછામાં ઓછી ચાર બટાલિયનોને દુર કરવાના પાસા પર ચર્ચા ચાલી રહી છે. કારણ કે આ દરખાસ્ત પહેલાથી જ કેન્દ્રિય ગૃહ મંત્રાલયને મોકલી દેવામાં આવી છે. આ સંબંધમાં અંતિમ નિર્ણય લેવા માટે એક નોંધ સંરક્ષણ મંત્રાલય અને સેના સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ સુરક્ષા અંગેની કેબિનેટ સમિતીને મોકલી દેવામાં આવનાર છે. આ નોંધ ટુંક સમયમાં તૈયાર કરવામાં આવનાર છે.

સુરક્ષા સંસ્થાઓના ટોચના અધિકારીઓએ કહ્યુ છે કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલના નેતૃત્વમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ આ મામલે વિચારણા કરી રહી છે. બીએસએફની તમામ ૧૨ બટાલિયનોને અંકુશ રેખા પરથી દુર કરી શકાય છે કે કેમ તે પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. આ બટાલિયનો આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત કરી શકાય છે કે કેમ તે પાસા પર ચર્ચા ચાલી રહી છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર હાલમાં તૈનાત જવાનોની પાછળ બીજી શ્રેણીમાં આ જવાનો તૈનાત કરવાની કવાયત ચાલી રહી છે.

# દેશના ૪૦૮ સ્ટેશન પર ઈ-કેટરિંગ

## હવે રેલવે યાત્રીઓને પંસદગીના ભોજનની મજા માણવાની તક : ભારતભરના તમામ એ અને એ-૧ કેટેગરીના ૪૦૮ સ્ટેશનો ઉપર ઇ-કેટરિંગ સર્વિસ શરૂ



નવી દિલ્હી,તા. ૧૬ મોદી સરકાર રેલવે યાત્રીઓને વધુને વધુ સુવિધા આપવા માટે કટિબદ્ધ દેખાઈ રહી છે જેના ભાગરૂપે હવે દેશભરના ૪૦૮ રેલવે સ્ટેશન પર ઈ-કેટરિંગની સુવિધા શરૂ કરવામાં આવી છે. એટલે કે આ તમામ રેલવે સ્ટેશન પર યાત્રીઓને મનપંસદ ભોજનની સુવિધા મળી શકશે. આ સુવિધા ગયા વર્ષે સપ્ટેમ્બર

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાનું આગમન - ઉનાળાના આગમનની છડી પોકારતા માટલા રોડ પર ગોઠવાઈ ગયા છે... ગરીબોના રેફ્રીજરેટર સમા માટીના બનેલા માટલાનું પાણી શરીર માટે ખૂબ જ આરોગ્યપ્રદ ગણાય છે... બરફનું ઠંડુ પાણી કે ફ્રીજમાં રાખેલું પાણી કરતા માટલાનું પાણી ફાયદાકારક છે... શહેરના વિવિધ માર્ગો પર વિવિધ આકારમાં માટલાઓ ગોઠવાયા છે... આજકાલ માટલા ખરીદવાની મોસમ ખીલતી જાય છે...

# પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ ૧૯મીએ ગાંધીનગર આવે છે

## શનિવારે ખ-૭ સર્કલ નજીક નવ નિર્મિત સમર્પણ કોલેજનું ઉદઘાટન કરશે : વાસણ ખાતે બાપુ કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના આંગણે તા. ૧૯મી માર્ચ શનિવારે ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહ પધારી રહ્યા છે. તેઓ ખ-૭ સર્કલ નજીક નવનિર્મિત સમર્પણ એજયુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસના ઉદઘાટન પ્રસંગે આવી રહ્યા છે. આ સાથે ડૉ. મનમોહનસિંહ વાસણ ખાતે બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં આયોજિત વ્યાખ્યાનમાળામાં વકતવ્ય આપશે.



સે-૨૮ ખાતે સમર્પણ એજયુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસના નવનિર્મિત સંકુલનું ઉદઘાટન ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહના હસ્તે તા. ૧૯મી માર્ચે બપોરે ૩.૩૦ કલાકે કરાશે. આ ઉપરાંત વાસણ ખાતેની બાપુ કોલેજમાં એવોર્ડ વિતરણ સમારોહ તથા ‘ભારતના ભવિષ્ય ઘડતરમાં યુવાઓની સર્જનાત્મક ભૂમિકા’ વિષયે આયોજિત વ્યાખ્યાન માળામાં પણ તેઓ ભાગ લેશે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ઈન્દિરા ગાંધી ઓપન યુનિ.ના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. પી.કે.મહેતા પણ ઉપસ્થિત રહેશે. એવોર્ડ વિતરણ સમારોહમાં બાપુ કોલેજના વિવિધ પ્રશંસાપાત્ર વિદ્યાર્થી તથા ખેલાડીઓ મળીને કુલ ૧૬ વિદ્યાર્થીઓનું સન્માન કરાશે.

આ પ્રસંગે ડૉ. મનમોહનસિંહનું વકતવ્ય સાંભળવા બાપુ કોલેજના વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. ડૉ.મનમોહનસિંહ વૈશ્વિક સ્તરે સુપ્રસિધ્ધ અર્થશાસ્ત્રી છે. નવી દિલ્હીની હિન્દુ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કારકિર્દીનો પ્રાંરભ કરી રીઝર્વ બેંકનું ચેરમેનપદે, સંયુકત રાષ્ટ્રસંઘનું સચિવ પદ વગેરે સહિત ભારતનું વડાપ્રધાન પદ પણ શોભાવ્યું હતું.

# એલજી હોસ્પિટલમાં મોતિયાનું ઓપરેશન કરાવનારા ૪ દર્દી દ્રષ્ટિહિન

## ચારે દ્રષ્ટિ ગુમાવી દેતા તંત્રમાં ભારે ભાગદોડ : ઓપરેશન સમયે હાજર ડોકટર અને ત્રણ નર્સને તાત્કાલિક અસરથી છુટા કરી દેવાયા

અમદાવાદ, તા.૧૬ અમદાવાદ શહેરની નગરી હોસ્પિટલમાં એક ડઝન લોકોએ ઓપરેશન બાદ પોતાની આંખ ગુમાવી હોવાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શહેરના મણીનગર વિસ્તારમાં આવેલ એલ.જી.હોસ્પિટલ ખાતે આંખના વિભાગમાં મોતીયાનું ઓપરેશન કરાવવા આવેલા પાંચ દર્દીઓમાંથી ચાર દર્દીઓની કાયમી ધોરણે દ્રષ્ટિ ગુમાવવાનો વારો આવ્યો છે. આ બનાવના પગલે આજે ભારે હોબાળો મચી જવા પામ્યો છે. કેમ કે ઓપરેશન સમયે જે ડોકટરની ડ્યુટી હતી તે ડોકટર સહિત ત્રણ નર્સને તાત્કાલિક અસરથી છુટા કરવામાં આવ્યા છે જ્યારે વિભાગના વડા અને હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ બંનેને કારણ દર્શક નોટિસ ફટકારવામાં આવતા હોસ્પિટલ વર્તુળમાં ભારે ઉહાપોહ સર્જાવા પામ્યો હતો. એટલું જ નહી પરંતુ એક સમયે હોસ્પિટલમાં નર્સને છુટી કરવાના મામલે તપાસ નર્સો સુપ્રિટેન્ડન્ટ ઓફિસ પાસે જમા થઈ

● અનુસંધાન પાન-૭ પર

# આસારામના હુકમથી સાક્ષીની હત્યા કરાઈ : કાર્તિકનો ધડાકો

## પોલીસ સમક્ષ લેખિત જુબાનીમાં હાલમાં ઝડપાઈ ગયેલા શાર્પશૂટર કાર્તિક હલ્દરે અનેક ચોંકાવનારી કબૂલાત કરી : આસારામની મુશ્કેલીમાં વધારો કરશે

અમદાવાદ, તા. ૧૬ જાતે બની બેઠેલા ગોડમેન આસારામ બાપૂની તકલીફમાં વધારો થઈ રહ્યો છે. કારણ કે, સાક્ષીઓની હત્યાના મામલામાં ઝડપાઈ ગયેલા શાર્પશૂટર કાર્તિક હલ્દર દ્વારા કેટલીક ચોંકાવનારી કબૂલાત કરવામાં આવી છે જેના ભાગરુપે આ શખ્સે પોલીસ સમક્ષ પુછપરછ દરમિયાન એમ કહ્યું છે કે, આસારામના ઈશારે હત્યાઓ કરવામાં આવી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પોલીસ સમક્ષ લેખિત જુબાનીમાં કાર્તિકે આ મુજબની વાત કરી છે. કાર્તિકે એમ પણ કહ્યું છે કે, બળાત્કાર કેસના સંબંધમાં જેલમાં રહેલા આસારામ દ્વારા ઘડી કાઢવામાં આવેલા કાવતરાના ભાગરુપે સાક્ષીઓની હત્યા કરવામાં આવી હતી. કાર્તિકની અમદાવાદ પોલીસના ક્રાઈમ બ્રાંચ યુનિટ અને એટીએસ દ્વારા સંયુક્ત ઓપરેશનમાં રવિવારના દિવસે રાયપુરમાંથી ધરપકડ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અધતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે ● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩ ● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

info City Club & Resort Presents
DJ HOLi
ઉજવો “ધુળેટી” ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ગાંધીનગરમાં
રૂા. ૨૫૦/-* પ્રતિ વ્યકિત
તા- ૨૪માર્ચ, ૨૦૧૬
સવારે ૮:૩૦ થી બપોરે ૧:૦૦ સુધી
આપને મળશે...
- DJ મસ્તી ડાન્સ
- કલર્સ/ગુલાલ (કેમીકલ રહિત)
- પિચકારી ભરવા માટે પાણી
- અનલિમિટેડ લંચ (સુપ ટુ ડેસર્ટ)
- હરિયાળી લોન (હોળી રમવા માટે વિશાળ જગ્યા)
- બેઠક વ્યવસ્થા (વડીલો/મહિલાઓ/બાળકો માટે)
- પીવાનું પાણી (મિનરલ)
આજે જ બુક કરાવો આપના પાસ
પાસ માટે સંપર્ક : ૯૧ ૯૬૮૭૩ ૧૭૨૧૬ / ૯૮૨૫૭૯૩૮૫૭
કલબ ઈવેન્ટ સ્પોન્સરશીપ તથા પ્રોડકટસ/સર્વિસ પ્રમોશન @ Infocity Club & Resort / Infocity
માટે સંપર્ક : ૦૯૧ ૯૮૭૯૬ ૧૯૯૨૨ / ૯૩૨૮૦ ૭૧૧૫૦

આપણાં શહેરની મધ્યમાં
આયુર્વેદીક દવાઓ
બધી જ પ્રખ્યાત આયુર્વેદીક કંપનીઓની દવાઓ મળશે
Dabur ZANDU SANDU Himalaya Baidyanath NAGARJUNA PATANJALI Charak
શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ MNM WELL CARE ☎079-23241415 SUNDAY CLOSE
સેક્ટર-૬, ભુવનેશ્વર મહાદેવનાં મંદિરની સામે, ગાંધીનગર